અત્યાચારના કેસોમાં કન્વીક્શન (Conviction) રેટ વધારવા માટે ખાનગી વકીલ રાખવાની છૂટ આપવા/અપાતી નાણાંકીય સહાયના દરોમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:- અબડ/૧૨૨૦૧૬/૬૯૯૭૬૧/છ
સચિવાલય, ગાંધીનગર.
**તારીખ: ૧૧-૦૪-૨૦૧૭**

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬/૦૫/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક: હસલ/૧૦૨૦૧૨/નબા.૧/૭૪૪૬૨૬/છ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા. ૨૧/૧૧/૨૦૧૬ ના પત્ર ક: અજાક/છ-૧/૨૬૪/૨૦૧૬/૭૪૯૫-૯૬

**પ્રસ્તાવના:**

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯, હેઠળના કેસોમાં ફરીયાદી પક્ષે સરકારી વકીલ રાખવાની જોગવાઈ છે, પરંતુ સરકારી વકીલશ્રી પાસે કાર્યભારણ વધારે હોઈ, આવા બનાવોમાં કાર્યક્ષમતા દાખવી શકતા ન હોઈ, નાસાબિત કેસોની સરખામણીમાં સાબિત કેસોની ટકાવારી અન્ય રાજ્યોની સરખામણીમાં નહિવત રહેતી હોવાથી સાબિત કેસોની ટકાવારી ઉંચી આવે/ કન્વીક્શન (Conviction) રેટમાં વધારો થાય તે હેતુસર તેમજ અત્યાચાર ધારાનો અસરકારક અમલ થાય તે હેતુસર આવા બનાવોના ફરીયાદીને ખાનગી વકીલ રાખવા છૂટ આપવા તેમજ તે અંગે થનાર વકીલાત ફીની ચૂકવણી કરવાની યોજના વંચાણે લીધેલ ક્રમાંક-૧ ઉપરના તા.૧૬/૦૫/૨૦૧૩ ના ઠરાવથી અમલમાં મૂકેલ છે આ યોજના અન્વયે ખાનગી વકીલ રાખવા છૂટ આપવા તેમજ તે અંગે થનાર વકીલાત ફીની ચૂકવણીમાં વધારો કરવા અંગેની વર્ષ ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં રૂ. ૨૨.૨૫/- લાખની જોગવાઈ કરવા અંગેની નવી બાબત વંચાણે લીધેલ ક્રમાંક-૨ ઉપરના તા.૨૧/૧૧/૨૦૧૬ ના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના પત્રથી રજૂ કરવામાં આવેલ હતી.

## ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે અત્યાચારના કેસોમાં કન્વીક્શન (Conviction) રેટના વધારા માટે ખાનગી વકીલ રાખવાની પ્રસ્તુત નવી બાબતને નીચે સૂચવ્યા મુજબનો વધારો કરવા નીચે દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | બનાવનો પ્રકાર | પ્રવર્તમાન રકમ | વધારાની સહાયની રકમ | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ખુનનો બનાવ | ૫૦,૦૦૦/- | ૨૫,૦૦૦/- | ૭૫,૦૦૦/- |
| ૨ | મહાવ્યથા/બળાત્કારના બનાવો | ૨૫,૦૦૦/- | ૧૨,૫૦૦/- | ૩૭,૫૦૦/- |

**શરતો:**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

Scanned with CamScanner

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ સદરે વર્ષ ૨૦૧૭-૧૮ હેઠળ કરાયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

માંગણી નં.૯૫, મુખ્ય સદર: ૨૨૨૫ - અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૧- અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૮૦૦-અન્ય ખર્ચ, પેટા સદર: ૦૩-બીસીકે-૬૦ (કે.પુ.યો.) નાગરિક એકમ અત્યાચારના કેસોમાં ખાનગી વકીલ રાખવાની યોજના બાબત.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૦૪/૦૪/૨૦૧૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બિંદુ પરમાર)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સા. ન્યા. અને અ. વિ.
રવાના કર્યું
APR 2017

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન.સર્વેમંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર. (તાબા હેઠળની સંબંધીત કચેરીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ

Scanned with CamScanner